# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

**વંચાણે લીધોઃ** પરિપત્ર નં.આકૃયુ/રજિ/સંકલન/૧૭૨૬/૨૦૨૨, તા.૧૪-૦૩-૨૦૨૨.

## પરિપત્ર

આઈ.સી.એ.આર., નવી દિલ્હી (એક્રેડીટેશન ટીમ)ની ટીમ તા.૨૨-૦૩-૨૦૨૨ થી તા.૨૬-૦૩-૨૦૨૨ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત કરવા આવેલ હતી. જેમાં એક્રેડીટેશન ટીમ દ્વારા વિવિધ કચેરી/કોલેજોની મુલાકાત લીધી હતી.

આ કામગીરી અન્વયે વંચાણે લીધેલ પરિપત્રથી તમામ કોલેજો તથા આણંદ કેન્દ્રની તમામ કચેરીઓ તા.૨૦/૦૩/૨૦૨૨-રવિવાર અને તા.૨૬/૦૩/૨૦૨૨-શનિવાર જાહેર રજાના દિવસે યુનિવર્સિટીની એક્રેડીટેશન બાબતની કામગીરી સારૂ યુનિવર્સિટીના હિતમાં ચાલુ રાખવા જણાવેલ હતું. સદર કામગીરી યુનિવર્સિટીના હિતમાં કચેરીઓ ચાલુ રાખવામાં આવેલ હોવાથી વળતરનું સ્વરૂપ આપવાનું રહેતું નથી. જેથી ઉક્ત બન્ને દિવસની વળતર રજાઓ આપવામાં આવતી નથી જે તમામને ધ્યાને લાવી અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**નં.આકૃયુ/રજિ/સંકલન/**૨૦૮૭-૯૬ **/૨૦૨૨**
**તા.**૦૫**/૦૪/૨૦૨૨**

કુલસચિવ

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ સારૂ.
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
(૩) તમામ આચાર્યશ્રીઓ/ડીનશ્રી તથા આણંદ કેન્દ્રની તમામ કચેરીઓ તરફ જાણ તથા તમામને વંચાણે લાવી અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આ.કૃ.યુ.,આણંદ
(૨) મદદનીશ કુલસચિવશ્રી(એકેડેમીક/પરીક્ષા),આ.કૃ.યુ.,આણંદ
(૩) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

E:\Coordination-2022\Circular .docx